## સંક્ષિપ્ત સમાચાર

### શિનોર પંથકમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી, વહેલી સવારથી વરસાદ, ગરમીથી રાહત



**શિનોર** : વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં આજે વહેલી સવારથી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં સમગ્ર પંથકમાં વરસાદી માહોલ છવાઈ ગયો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે વરસેલા વરસાદથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી છે. વરસાદ પડતાં ગરમી અને બફારાથી પણ લોકોને રાહત મળી છે. શિનોર તાલુકામાં આજે વહેલી સવારથી શરૂ થયેલા વરસાદે સમગ્ર વિસ્તારને તરબોળ કરી દીધો હતો. છેલ્લા ઘણા દિવસોથી વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદ સમાન સાબિત થયો છે. ખેડૂતો દ્વારા ખેતરો તૈયાર કરી દેવામાં આવ્યા હતા અને બિયારણ વાવ્યા બાદ સમયસર વરસાદની રાહ જોવાઈ રહી હતી. જો વરસાદ વધુ મોડો પડ્યો હોત તો બિયારણ નિષ્ફળ જવાની ભીતિ પણ સેવાઈ રહી હતી. વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં નવી આશા અને આનંદ જોવા મળ્યો છે. શિનોર નગરના મુખ્ય બજારોમાં વરસાદી પાણી વહેતાં નજરે પડ્યાં હતા. સિનોર ઘરનાળા નીચે વરસાદી પાણી ભરાતા વાહન ચાલકો ને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો વહેલી તકે આ રેલ્વે ગરનાળાની નીચે વરસાદી પાણી ભરાઈ જાયછે તે તાત્કાલિક નિકાલ કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

### છોટાઉદેપુર કલેક્ટર કચેરી ખાતે 'પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણ કેન્દ્ર'નો પ્રારંભ



**છોટાઉદેપુર** : છોટાઉદેપુર જિલ્લાના નાગરિકો અને સરકારી કર્મચારીઓને શુદ્ધ, સાત્વિક અને રસાયણમુક્ત કૃષિ ઉત્પાદનો સરળતાથી મળી રહે તે હેતુથી જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ નવતર પહેલ હાથ ધરવામાં આવી છે. છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર કચેરીના કમ્પાઉન્ડમાં 'પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્ર'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. 'આત્મા' (ATMA) યોજના અને 'ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ'ના સંયુક્ત ઉપક્રમે વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. પ્રાકૃતિક ખેતી કરતા સ્થાનિક ખેડૂતોને સીધું બજાર પૂરું પાડવાનો અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઓર્ગેનિક અનાજ, શાકભાજી તેમજ અન્ય ચીજવસ્તુઓ ઉપલબ્ધ થશે. આ વેચાણ કેન્દ્ર દર અઠવાડિયે ગુરુવારે સવારે ૦૯:૩૦ વાગ્યાથી ૧૨:૩૦ વાગ્યા સુધી કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, છોટાઉદેપુર ચાલુ રહેશે. જેમાં જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો દ્વારા સંપૂર્ણપણે પ્રાકૃતિક અને ગાય આધારિત ખેતી પદ્ધતિથી પકવેલી વિવિધ સિઝનલ કૃષિ પેદાશોનું સીધું વેચાણ વ્યાજબી ભાવે કરવામાં આવશે.

### છોટાઉદેપુર ખાતે સશક્ત દીકરી અભિયાન અંતર્ગત જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને દીકરી સાથે સંવાદ કર્યો



**છોટાઉદેપુર** : જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક અનોખી પહેલ સશક્ત દીકરી - કલેક્ટર ઇન ક્લાસરૂમ" અભિયાન અંતર્ગત શ્રીમતી મણિબેન પટેલ કન્યા વિદ્યાલય છોટાઉદેપુર ખાતે કિશોરીઓમાં અડગ આત્મવિશ્વાસ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને નેતૃત્વના ગુણો ખીલે માટે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન દ્વારા શાળાની દીકરીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન સાથે સંવાદ સાધી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સંવાદ દરમિયાન કલેક્ટરએ પોતાના વિદ્યાર્થીકાળના સંઘર્ષો, અનુભવો અને કારકિર્દીના સફર વિશે જણાવ્યું હતું. દીકરીઓને પોતાના સપનાઓ અને લક્ષ્યોને ઓળખી ચોક્કસ દિશામાં મહેનત કરવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાની મુલાકાત દરમિયાન કલેક્ટર ગાર્ગી જૈને વિદ્યાર્થીનીઓનું આત્મગૌરવ જગાડતા તેમના રોજિંદા જીવનમાં પ્રેરણાદાયી વાક્યોનું નિયમિત ઉચ્ચારણ કરી જીવનમાં આગળ વધવા પ્રેરણા આપી હતી. કલેક્ટરના હસ્તે પર્યાવરણ અને શિક્ષણના સમન્વય સમાન હાજર તમામ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહક ભેટ સ્વરૂપે 'પ્લાન્ટેબલ પેન્સિલ' નું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ડભોઈ પાલિકાના ચીફ ઓફિસર ઉચ્ચ હોદ્દા પર બઢતી પામ્યા



**ડભોઇ** : ગુજરાત સરકાર ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ ના ચિફ ઓફિસર વર્ગ ૨ તરીકે બઢતી સાથે તેમની જગ્યાએ બઢતી આપવામાં આપવામા આવી છે જેમાં કમલકાંત પ્રજાપતિ ચિફ ઓફીસર સાણંદ, સુશ્રી કોમલ ધીનૈયા ચિફ ઓફીસર પારડી, સંજય પી પટેલ ચિફ ઓફિસર પાદરા, સતિષ કુમાર પટેલ ચિફ ઓફીસર માણસા, શ્રીમતી રુપલ જે ખેતીયા મદદનીશ નિયામક ગુજરાત મ્યુનિ.ફાયનાન્સ બોર્ડ, સંજય પટેલ ચિફ ઓફીસર હાલોલ, કલ્પેશ ભટ્ટ ચિફ ઓફીસર વિજાપુર અને જયકિશન તડવી ચિફ ઓફીસર ડભોઈ ને બઢતી આપવામાં આવી છે.

### ૧૬ વર્ષની દેશસેવા બાદ રામપુરના હવાલદાર દિગ્વિજયસિંહનું ભવ્ય સ્વાગત



**સંખેડા** : સંખેડા ચોકડી પર રામપુરા ગામ તથા સંખેડા તાલુકાના નાગરિકોએ ફૂલહાર, સાથે હવાલદાર દિગ્વિજયસિંહનું સન્માન કર્યું. દિગ્વિજયસિંહે ભારતીય સેનામાં 16 વર્ષ સુધી હવાલદાર પદે રહી સરહદ પર દેશની રક્ષા કાજે ફરજ બજાવી. દેશ માટે સમર્પિત ભાવનાથી ફરજ નિભાવનાર જવાનની નિવૃત્તિને ગામના યુવાનો માટે પ્રેરણારૂપ ગણાવાઈ ગ્રામજનોએ "ભારત માતા કી જય" અને "વંદે માતરમ્"ના નારા સાથે દેશભક્તિનું વાતાવરણ ઉભું કર્યું. ગ્રામજનોએ જણાવ્યું કે દિગ્વિજયસિંહે 16 વર્ષ સુધી પરિવારથી દૂર રહી દેશની સેવા કરી છે. તેમની નિષ્ઠા અને બલિદાનને સલામ છે. યુવાનોને સેનામાં જોડાવા પ્રેરણા મળે તે માટે આ સન્માન સમારંભ યોજાયો હતો. સ્વાગત બાદ દિગ્વિજયસિંહને વાજતે ગાજતે રામપુરા ગામ લઈ જવાયા હતા.

#### ઉભરતી ગટરથી કંટાળેલા રહીશો પહોંચ્યા ધારાસભ્યના જનતા દરબારમાં

## વાઘોડિયાની કલ્પચંદ્ર ડ્રીમ સોસાયટીમાં લાંબા સમયથી ગટરો ઉભરાતાં રહીશોમાં રોષ ફેલાયો



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.2
માડોધર રોડ વિસ્તારમાં આવેલી કલ્પચંદ્ર ડ્રીમ સોસાયટીની ગટરો લાંબા સમયથી ઉભરાતા વિસ્તારમાં ગંદકીના થર જામતા લોકોને રોગચાળાનો શિકાર બનવાની નોબત આવી છે. આ અંગે અનેકવાર નગરપાલિકામાં લેખિત તેમજ મૌખિક રહીશોએ રજૂઆત કરવા છતાં પણ સમસ્યાનું સમાધાન આવતું ન હતું. આખરે આજે સોસાયટીની મહિલાઓ અને યુવકોનું ટોળું સેવા સદન ખાતે ધારાસભ્ય દ્વારા લગાવવામાં આવેલ જનતા દરબારમાં પહોંચ્યું હતું.અને ઉભરતી ગટરોની સમસ્યા થી છુટકારો મેળવવા રજૂઆત કરી હતી. નગરપાલિકામાં વારંવાર રજૂઆત કરવા છતાં સમસ્યાનું સમાધાન થતું ન હતું. ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાને સ્થાનિકો દ્વારા રજૂઆત કરતા ધારાસભ્યએ તાત્કાલિક નગરપાલિકાને ગટરની સમસ્યાથી નગરજનોને છુટકારો આપવા માટે ફરમાન કરતા પાલિકાએ ખાતરી આપી હતી.મહત્વની વાત છે કે આ ગટર લાઈન ગેરકાયદેસર રીતે નાખી હોવાના આક્ષેપ સાથે વિવાદ ઘણા સમયથી ચાલે છે.

રાજકીય ખટરાગ પણ ઘણા સમયથી સર્જાતો હતો. જેના કારણે નગરપાલિકા દ્વારા નિકાલ કરવામાં આવતો ન હતો.પરંતુ રહીશોએ રજૂઆત કરી હતી કે બિલ્ડર સોસાયટીના મકાનો વેચી દીધા છે. અમે રહીશો નો શું વાંક.? અમારી સોસાયટીમાં ગંદકીના કારણે બીમારી ફેલાઈ છે. એટલે આજે ધારાસભ્યને રજૂઆત કરવા આવ્યા છે. રહીશોની રજુવાત બાદ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ સોસાયટીની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવા ચીફ ઓફિસરને ફરમાન કરતા પાલિકાએ સમસ્યાનુ હલ લાવવાના પ્રયત્ન કરવાની ખાતરી આપતા મામલો થાડે પડ્યો હતો.

## અધૂરા રોડકામથી ગ્રામજનોમાં રોષ, ભૂખ હડતાળની ચીમકી

**સાધલી-કાયાવરોહણ** રોડનું પહોળીકરણ અટવાતાં મામલતદારને અરજી; 4-5 સપ્ટેમ્બરે ભૂખ હડતાળની મંજૂરી માગી



(પ્રતિનિધિ) શિનોર, તા.2
વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલીથી કાયાવરોહણ, રોડના અધૂરા પડેલા પહોળીકરણના કામને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેક રજૂઆતો કરવાછતાં કામગીરી પૂર્ણ ન થતાં ગ્રામજનોએ મામલતદારને લેખિત રજૂઆત કરી ભૂખ હડતાળની મંજૂરી માંગતા મામલો ગરમાયો છે.

શિનોર તાલુકાના સાધલીથી કાયાવરોહણ, રોડને 7 મીટરથી 10 મીટર પહોળો કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ ઘણા મહિનાઓ વીતી ગયા છતાં રોડનું કામ પૂર્ણ થયું નથી. રસ્તાની ખરાબ હાલતને કારણે રોજિંદા વાહનચાલકો, વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને ખેડૂતોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ધૂળના ગોટેગોટા અને બિસ્માર માર્ગના કારણે અકસ્માતનો ભય પણ સતત વધી રહ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે. અરજદાર શિનોર કોંગ્રેસ પ્રમુખ પટેલ અમુલભાઈ નગીનભાઈ એ રજૂઆતમાં જણાવ્યું છે.

#### રેસિડેન્શિયલ મંજૂરીમાં કોમર્શિયલ બાંધકામ કરી દેતા વિવાદ

## કરજણ નગરપાલિકાની કાર્યશૈલી પર સવાલો: વગદાર સામે આંખ આડા કાન?



(પ્રતિનિધિ) કરજણ, તા.2
કરજણના જૂના બજાર વિસ્તારમાં આવેલી સોમનાથ પાર્કની ટી.પી. સ્કીમ નં. ૧, ફાઇનલ પ્લોટ નં. ૧૧૭ અને સિટી સર્વે નં. ૧૭૭૩ વાળી જમીન, જે વડીલોપાર્જિત મિલકત છે, તેના પર ચાલી રહેલા બાંધકામને લઈને અનેક સવાલો ઉભા થયા છે. આ જમીન પર દુષ્યંતસિંહ ચાવડા દ્વારા રેસિડેન્શિયલ પરવાનગી હોવા છતાં કોમર્શિયલ દુકાનોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે, જે સ્થાનિક નાગરિકો અને ખાસ કરીને હર્ષદસિંહ ઉર્ફે હેમંતસિંહ ચાવડા દ્વારા ઉગ્ર વિરોધનો કર્યો હતો.

આ વિવાદનો પ્રારંભ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ થયો હતો, જ્યારે પ્લીન્થ લેવલનું કામ શરૂ થતાં જ હર્ષદસિંહ ચાવડાએ તેનો વિરોધ નોંધાવ્યો હતો અને આ મુદ્દો અખબારોમાં પ્રકાશિત થતાં કામ અટકાવવામાં આવ્યું હતું. તે સમયે કરજણ નગરપાલિકાએ કોમર્શિયલ દુકાનોને નોટિસ પણ ફટકારી હતી. જોકે, આ ઘટનાના થોડા સમય બાદ ફરીથી તે જ જગ્યાએ દુષ્યંતસિંહ દ્વારા કોમર્શિયલ દુકાનોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું, જેણે સમગ્ર મામલાને વધુ ગૂંચવણમાં મૂક્યો.

હર્ષદસિંહ ચાવડાએ આ મામલે કરજણ નગરપાલિકા પાસેથી માહિતી અધિકાર (RTI) હેઠળ વિગતો માંગી હતી. પરંતુ, આશ્ચર્યજનક રીતે, તેમને નગરપાલિકા તરફથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. એક નહીં, પરંતુ સતત બે વખત RTI અરજીઓ કરવા છતાં નગરપાલિકાએ મૌન સેવ્યું, જે તેની પારદર્શિતા અને જવાબદારી પર ગંભીર પ્રશ્નાર્થ ઊભા કરે છે. પરંતુ, આ પરવાનગી સ્પષ્ટપણે રેસિડેન્શિયલ હેતુ માટે જ હતી, કોમર્શિયલ બાંધકામ માટે નહીં. વિક્રમસિંહ રાણાએ મીડિયાને ખાતરી આપી હતી કે જો ત્યાં કોમર્શિયલ બાંધકામ હશે, તો કરજણ નગરપાલિકા ચોક્કસપણે કાર્યવાહી કરશે.

#### ૪,૦૦૦ ટ્રેક્ટર માટી અને દીવાલ બનાવી જળમાર્ગ રૂંધાયો

## ધનોરામાં પૂરનું સંકટ, કુદરતી કોતર પર ગેરકાયદેસર દબાણ સામે ગ્રામજનોનો જંગ

**સરકારી** નોટિસ છતાં દબાણ હટાવવામાં તંત્રના હાથ કેમ બંધાયેલા ?



(પ્રતિનિધિ) વડોદરા, તા.2
કરજણ તાલુકાના ધનોરા ગામમાં એક ગંભીર અને ચિંતાજનક ઘટના સામે આવી છે, જ્યાં ગામના રહેવાસીઓના જીવ જોખમમાં મુકાયા છે. ગામના આવાસ પાછળ આવેલી કુદરતી કોતર (પાણીના નિકાલનો કુદરતી માર્ગ) ને મોટા પાયે માટી નાખીને પૂરી દેવામાં આવી છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે, આ કોતર મારફતે આસપાસના ૫ જેટલા ગામોનું વરસાદી પાણી નિકાલ પામતું હતું, પરંતુ હવે આ માર્ગ બંધ કરી દેવાતા આગામી ચોમાસામાં ગામમાં પૂર આવવાની પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિક રહીશ નરપતભાઈ દેવીપૂજકના જણાવ્યા અનુસાર, આ ગેરકાયદેસર દબાણ પાછળ ગામના જ એક વહીવટદાર ગોપાલસિંહનો હાથ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આક્ષેપ છે કે, બહારના તત્વો સાથે મળીને અંદાજે ૪,૦૦૦ ટ્રેક્ટર જેટલી માટી ઠાલવીને આ કુદરતી કોતરને પૂરી દેવામાં આવી છે અને ત્યાં દિવાલ પણ ચણી દેવામાં આવી છે. મહત્વનું છે કે, વર્ષ ૨૦૨૩માં પણ આ જ રીતે કોતર બંધ કરવાનો પ્રયાસ થયો હતો, ત્યારે કલેક્ટર અને મામલતદાર કચેરીમાં રજૂઆત કર્યા બાદ માર્ગ ખુલ્લો કરાવવામાં આવ્યો હતો. જોકે, ફરી એકવાર આ પ્રકારનું દબાણ થતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગ્રામજનોએ વહીવટી તંત્ર પર પણ ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યા છે. તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી હોવા છતાં, હજુ સુધી આ દબાણ દૂર કરવામાં આવ્યું નથી. હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ મામલે કડક કાર્યવાહી કરે છે કે પછી કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોવામાં આવશે.

### ઈન્વિક્ટા ડાયગ્નોસ્ટિકનું નવું સેન્ટર શરૂ, નેટવર્ક હવે ૧૦ સેન્ટર સુધી વિસ્તર્યું

વડોદરા: ઈન્વિક્ટા ડાયગ્નોસ્ટિક લિમિટેડ (NSE: INVICTA)એ તેની પેટાકંપની પોર્ટિયસ મેડિકલ એલએલપી મારફતે 30 જૂન, 2026થી પુણે ખાતે નવા ડાયગ્નોસ્ટિક સેન્ટરમાં કોમર્શિયલ કામગીરી શરૂ કરી છે. આ સેન્ટર સાથે કંપનીએ મુંબઈ મેટ્રોપોલિટન રિજનની બહાર પોતાની હાજરીને વધુ મજબૂત બનાવી છે. પુણે સેન્ટરમાં એમઆરઆઈ, મેમોગ્રાફી, સીટી સ્કેન, સોનોગ્રાફી, પેથોલોજી, ટીએમટી અને એક્સ-રે જેવી અદ્યતન ડાયગ્નોસ્ટિક સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દર્દીઓને ઈન્ટિગ્રેટેડ રેડિયોલોજી અને પેથોલોજી સેવાઓનો લાભ મળશે. સ્થાનિક ડોક્ટરો સાથે ભાગીદારી દ્વારા કંપની સમગ્ર મહારાષ્ટ્રમાં પોતાનું નેટવર્ક મજબૂત બનાવી રહી છે.

## બોડેલી પોલીસે જુગાર રમતા ૬ ને ઝડપી પાડ્યા



(પ્રતિનિધિ) બોડેલી, તા.2
પી.એસ.બરંડા પોલીસ ઈન્સ્પેક્ટર બોડેલી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત સુચનાઓ અન્વયે પ્રોહી/જુગાર ના કેશો શોધી કાઢવા સુચના આપેલ જે આધારે સર્વેલન્સ સ્ટાફના પોલીસ માણસો બાતમી હકીકત આધારે ઢોકલીયા રઝાનગર ફળીયામાં રહેતી લાલીબેન ભીખાખાન બલોચ નાઓના ઘરની પાછળ વાડામાં ખુલ્લી જગ્યામાં ભેગા મળી ગોળ કુંડાળુવળી પત્તા- પાનાનો હારજીતનો જુગાર રમી રમતા છ ઈસમો તથા મહીલાઓને પકડી પાડી અંગઝડતીના રોકડા રૂપિયા ૮૦૦૦/- તથા દાવ ઉપરના રોકડા રૂપિયા ૧૨,૨૦૦/- તથા જુગાર રમી રમવાના પતા પાના નંગ- ૫૨ કિં.રૂ.૦૦/૦૦ તથા પાથરણુ નંગ-૦૧ કિં.રૂ.૦૦/૦૦ મળી કુલ કીં.રૂપીયા.૨૦,૨૦૦/- નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

### પાદરામાં દેશી-વિદેશી દારૂના ૨૭ ક્વાર્ટર સાથે યુવક ઝડપાયો

પાદરા : પાદરા પોલીસ સ્ટેશનની ટીમે પાદરા ટાઉનના જાસપુર ચોકડી નજીક દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૨૭ ક્વાર્ટર સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ ૫,૪૦૦નો પ્રોહિબિશન મુદ્દામાલ કબજે કરી એક વોન્ટેડ બૂટલેગર સામે પણ ગુનો નોંધ્યો છે. મળતી માહિતી મુજબ, પાદરા પોલીસના અ.હે. કો. પ્રવિણભાઈ કેશવભાઈ અને સ્ટાફે જાસપુર ચોકડી પાસે આવેલા વુડાના મકાનની બાજુમાં દિવાલને અડીને આવેલી ખુલ્લી જગ્યામાં દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન કાળા રંગની પ્લાસ્ટિકની થેલીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના કુલ ૨૭ પ્લાસ્ટિક ક્વાર્ટર મળી આવ્યા હતા, જેની અંદાજિત કિંમત ૫,૪૦૦ થાય છે.

## બોડેલી પોલીસે ૭.૯૮ લાખના મુદ્દામાલ સાથે વિદેશી દારૂ ઝડપ્યો

**ઈકો** ગાડીમાં વિદેશી દારૂ, ચાલક ફરાર




(પ્રતિનિધિ) બોડેલી, તા.2
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી પોલીસે દારૂની હેરાફેરી સામે વધુ એક મોટી કાર્યવાહી કરી છે. ખાંડીયા ગામ નજીકથી ઈકો ગાડીમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી પોલીસે કુલ 7.98 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, ગાડીનો ચાલક પોલીસને ચકમો આપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

બોડેલી પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખાંડીયા ગામ નજીક વાહન ચેકિંગ ગોઠવવામાં આવ્યું હતું. તે દરમિયાન એક શંકાસ્પદ ઈકો ગાડીને રોકવાનો પ્રયાસ કરવામાં આવતા તેનો ચાલક ગાડી સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગાડીની તપાસ કરતા અંદાજે 2.98 લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ઉપરાંત આશરે 5 લાખની કિંમતની ઈકો ગાડી પણ કબજે લેવામાં આવી હતી. આમ કુલ 7.98 લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. બોડેલી પોલીસે ગુનો નોંધી ફરાર થયેલા ચાલકની ઓળખ મેળવી તેને ઝડપી પાડવા માટે વધુ તપાસ અને શોધખોળ હાથ ધરી છે.

#### સુવિધા ના અભાવે અધવચ્ચે ભણતર પડતું મુકાતું હતું

## ગ્રામીણ વિસ્તારમાં સાક્ષરતાનું પ્રમાણ વધે તે માટે નવી એસટી બસ સેવાનો આજ થી પ્રારંભ

**એસટી** બસ શરૂ થતા 300 ઉપરાંત વિદ્યાર્થીઓને લાભ



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.2
તાલુકામાં આજવા,નિમેટા અને ચંપાલીપુરા તથા ખેરવાડી થી ગોલા ગામડી વાઘોડિયા સુધી નવીન એસટી બસ સેવા આજ થી શરૂ થતા અભ્યાસ અર્થે જતા ગ્રામીણ વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આશરે ૩૦૦ ઉપરાંત બાળકોને શાળાએ સમયસર પહોંચવા માટે કોઈપણ પ્રકારની સુવિધા ના હોવાના કારણે અભ્યાસ પર અસર પડતી હતી, કેટલાક બાળકોને અધવચ્ચે જ અભ્યાસ પડતો મૂકવો પડતો હતો. વિદ્યાર્થીઓની મજબૂરી જોતા ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા માર્ગ વાહન વ્યવહાર નિગમ ગુજરાત એસ ટી વિભાગ સાથે લાંબી વાટા ઘાટો બાદ એસટી બસ સેવાની સુવિધા આજ થી શરૂ કરવામાં આવી હતી. જેમાં વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા, વાઘોડિયા તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા સદસ્ય સહિત આસપાસના ગ્રામજનો અને સરપંચો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહી બાળકોને ચોકલેટ આપી મીઠું મોં કરાવી નવીન એસટી બસને ફૂલહાર અને કુમકુમ તિલક કરી શ્રીફળ વધેરી પ્રસ્થાન કરાવી હતી. શુભેચ્છા પાઠવી હતી. આ વિસ્તારોમાં ઘણા સમયથી બસ સેવાથી વંચિત ગ્રામીણ વિદ્યાર્થીઓને અભ્યાસ અધવચ્ચે હવે પડતો મૂકવો પડે નહીં. ગ્રામીણ વિસ્તારમાં સાક્ષરતાનું ધોરણ ઊંચુ આવશે.

### પાદરામાં એલસીબીની રેડ : જુગાર રમાડતા ચાર શખ્સ ઝડપાયા

પાદરા : વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ની ટીમે પાદરા ટાઉનના ઓધવભુલાની ખડકી પાસે દરોડો પાડી જાહેરમાં વરલી મટકાનો આંક ફરકનો જુગાર રમી-રમાડતા ચાર શખ્સોને ઝડપી પાડી તેમની પાસેથી રોકડ સહિત કુલ ૮,૭૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. મળતી માહિતી મુજબ, એલસીબીના મુકેશભાઈ પાંચાભાઈ, હરેશભાઈ અમરૂભાઈ તથા સ્ટાફને બાતમી મળતા પાદરા ટાઉનના ઓધવભુલાની ખડકી પાસે ખુલ્લી જગ્યામાં રેડ કરવામાં આવી હતી. દરોડા દરમિયાન પ્રમોદભાઈ ઉર્ફે ઠાકોરભાઈ ગીરધરલાલ ભાવસાર (ઉ.વ.૬૫), અલ્પેશભાઈ અશોકભાઈ રાણા (ઉ.વ.૪૫), અજીતકુમાર ઈન્દ્રવદનભાઈ સોની (ઉ.વ.૬૦) અને રમેશભાઈ ભાઈલાલભાઈ પરમાર (ઉ.વ.૪૬)ને સ્થળ પરથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

## પાદરા અને વડુ પોલીસ મથકના કુલ ૫૭ પોલીસ કર્મચારીઓની બદલી

(પ્રતિનિધિ) પાદરા, તા.2
વડોદરા ગ્રામ્ય પોલીસ વિભાગમાં વહીવટી કારણોસર પાદરા અને વડુ પોલીસ મથકના કુલ ૫૭ પોલીસ કર્મચારીઓની જિલ્લા બદલી કરવામાં આવી છે. જેમાં પાદરા પોલીસ મથકના ૩૮ અને વડુ પોલીસ મથકના ૧૯ પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે. સાથે જ બંને પોલીસ મથકોમાં નવી નિમણૂકો પણ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પોલીસ સ્ટાફનું સંતુલિત વિતરણ, કાયદો અને વ્યવસ્થાની કામગીરીને વધુ સુદૃઢ બનાવવા તેમજ વહીવટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ બદલીઓ અને નવી નિમણૂકો કરવામાં આવી છે.

**જાહેર નોટિસ** સુશ્રી સી.આર. પઢિયાર,મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કરજણની કોર્ટ
જન્મ મરણ/નોધણી/અરજી નં.૨૧૦ /૨૦૨૫

અરજદાર :- સોલંકી ભીખાભાઈ ગલાબીયા
રહે. pooja compound, bhabrekar nagar, charkop. kandiwali west, mumbai maharashtra-40067
સામાવાળા :- જન્મ-મરણ નોધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી
સાયર ગ્રામ પંચાયત તા.કરજણ જી.વડોદરા

જન્મ-મરણ નોધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટિસ આપી લગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી, અરજદારશ્રીના પિતાશ્રી હરીજન ગલાબીયાભાઈ લાલીયાભાઈનું મરણ તા. ૨૧/૦૭/૧૯૮૫ ના રોજ મોજે-સાયર, તા.કરજણ, જિ.વડોદરા મુકામે થયેલ,પરંતુ જે તે સમયે તેઓની મરણની નોધણી જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી સાયર ગ્રામ પંચાયતની કચેરીના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી ૭ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે રજૂ કરવો, અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

મામલતદાર અને
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કરજણ